कुल प्रश्नों की संख्या : **14**]
Total No. of Questions : **14**]

[कुल मुद्रित पृष्ठों की संख्या : **8**
[Total No. of Printed Pages : **8**

# C-232036

## विषय : गुजराती
## Subject : Gujarati

समय : **3** घंटे]
Time : **3** Hours]

[पूर्णांक : **100**
[Maximum Marks : **100**

निर्देश :— પ્રત્યેક પ્રશ્નના જવાબ આપવાના છે.

प्र० 1 (અ) નીચે આપેલ ખાલીસ્થાન ભરો— 5

1 ધણરે બોલે ને ________ સાંભળે હો...જી.
2 કોણ? કાવ્યના કવિ ________ છે.
3 ગમતું મળે તો અલ્યા ________ ન ભરીએ.
4 'પરાજયની જીત' કાવ્યમાં રાજા ________ નું હૃદય પરિવર્તન થાય છે.
5 કવિને ________ માં ઈશ્વર વિલસતો દેખાય છે.

(બ) નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને જવાબ લખો— 5

1 બાજ બહાદુરનો મહેલ આવેલ છે.—
(અ) દિલ્હી (બ) આગ્રા (સ) માંડુ (દ) અમરકંટક
2 'રૂમાલ' કઈ ભાષાનો શબ્દ છે.—
(અ) અંગ્રેજી (બ) હિન્દી (સ) ફારસી (દ) ગુજરાતી
3 ઉભયાન્વી નદી છે —
(અ) નર્મદા (બ) ગંગા (સ) જમના (દ) સરસ્વતી
4 આપણો દેશ હિન્દુસ્તાન કેની મૂર્તિ જેવો દેખાય છે—
(અ) રામની (બ) મહાદેવની (સ) કૃષ્ણની (દ) શિવાજીની
5 'ગુલાબજળ' નો અર્થ છે—
(અ) ફૂલનું પાણી (બ) ગંગાનું પાણી (સ) ઠંડુ પાણી (દ) ગરમ પાણી

| | | |
|---|---|---|
| પ્ર.૨ | (અ) સંધિની અથવા સર્વનામની પરિભાષા લખી બે ઉદાહરણ આપો. | 6 |
| | (બ) નીચે આપેલ શબ્દોથી વાક્ય બનાવો (કોઈ પણ ત્રણ)<br>કમાલ, મશહૂર, રોનક, પ્રાઇમરી, વાક્ધારા. | |
| પ્ર.૩ | (અ) નીચે આપેલ સામાસિક શબ્દોનો વિગ્રહ કરો (કોઈ પણ બે)<br>ભાગ્યોદય, ગંગાજળ, દશાનન, નવગ્રહ, નવરત્ન. | 4 |
| | (બ) નીચે આપેલ શબ્દોના સંધિ વિગ્રહ કરો (કોઈ પણ બે)<br>વિદ્યાલય, પ્રત્યેક, દેવેન્દ્ર, સૂર્યોદય. | |
| પ્ર.૪ | પરીક્ષાની તૈયારીની જાણકારી આપતા તમારા પિતાશ્રીને એક પત્ર લખો. | 10 |

અથવા

ભાઈના લગ્નમાં જવા માટે તમારા પ્રધાનાચાર્ય ને ત્રણ દિવસની રજા માંગતા આવેદન પત્ર લખો.

પ્ર. 5 નીચે આપેલ ગદ્યાંશ નો અર્થ સમજાવો : 8

કેટલાક બહુ ધ્યાનપૂર્વક વાંચનારા અને સ્વતંત્ર વિચાર કરનારા ગમે તેવી ચોપડી હોય તેમાં પોતાના વિચારો માર્જિનમાં લખેછે. તેથી તેમાં પછી વાંચનાર ને તે વિચારો વાંચવા હોય કે ન હોયતો પણ વાંચવા પડે છે આનો એક દાખલો મને હંમેશા યાદ રહેશે, મારો એક મિત્ર કોઈ નવલકથા લાઈબ્રેરી માંથી લઈને વાંચતો હતો અને હું જઈ ચડ્યો. તેમાં અમુક જગ્યાએ કોઈ વાંચનારે લખેલું કે "વાર્તાકાર ગધેડો છે" તેની નીચે પછીના વાંચનારે લખેલું કે "આ લખનાર ગધેડો છે" વાક્ય દ્વિઅર્થી છે પણ તેમાં ગમ્મત પડે તેમ છે.

અથવા

સ્વાશ્રયમાં જ ઘણાં ઉત્તમ ગુણો ખીલી નીકળે છે. તે ગુણોથી જ માણસ સુખી થાય છે અને પૂજ્ય ગણાય છે. જે મહાન ગુણ સ્વાશ્રય થી ઉત્પન્ન થાય છે તે સંતોષ છે, અને તેની જ જોડે ધૈર્ય પણ ચાલ્યું આવે છે. સંતોષ, ધૈર્ય અને ન્યાય તથા પ્રામાણિકતા એટલાં ગુણોનું નામ જ સ્વતંત્રતા છે. સ્વતંત્ર છે એટલે કે તે સ્વાશ્રયી છે.

પ્ર. 6 માંડુ અને રાની રૂપમતી કઈ રીતે અભિન્ન છે? 6

અથવા

લેખકે શૈશવના ક્યા ક્યા સંસ્મરણોની નોંધ લખી છે?

પ્ર. 7 વલ્લભ ભાઈ 'પાટીવાળા ખાટલા' નો આગ્રહ શા માટે રાખતા હતા? 6

અથવા

કવિ દલપતરામનું રેખાચિત્ર આલેખો.

પ્ર.8 લાકડી અને તેનાં બચ્ચાંની વાત ઉપરથી લેખકે કયો સાર તારવ્યો છે ? 5

અથવા

ચોપડી ખરાબ કરવાના કયા-કયા નુસખા લેખકે વર્ણવ્યા છે ?

પ્ર.9 નીચે આપેલ પદ્યાંશની કાવ્યના નામ અને કવિના નામ સાથે વ્યાખ્યા કરો - (1+1+6=8)

ભાઈરે, આપણાં દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચાવીએ નહિં શોર.
ભારનું વાદળ કોણ બની રહે નહિ અણુઅણનું કામ,
આપણે તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન.
સજલ મેઘની શાલપે સોહે રંગ ધનુષની કોર,
ભાઈરે, આપણા દુઃખનું કેટલું જોર ?

અથવા

થયું ખતમ યુદ્ધ, ને સકલ શોર તેનો શમ્યો,
કલિંગ પડિયું, અશોક નૃપ પામિયો છે જય.
ભયંકર હતી લડાઈ, સહુ નાશ શસ્ત્રો તણા,
ભયાનક હતા, કૃતાન્ત કરતો તહીં તાંડવ.
બધાય મધુર સ્વરો જીવનમાં ગયા'તા ડૂબી
પ્રચંડ અતિ યુદ્ધના ગરજતા મહાનાદમાં.

---

પ્ર.10 કવિ કઈ ઇચ્છાથી પોતાનો હાથ લંબાવે છે? 6

અથવા

ખાલી હાથમાં પણ કઈ-કઈ વસ્તુ હોવાનું કવિ કહે છે?

---

પ્ર.11 'સાગર અને શશી' કાવ્યના આધારે 'ચંદ્રોદય'નું વર્ણન તમારા શબ્દોમાં કરો. 6

અથવા

ગમતું મળે તો એનું શું કરવાનું કવિ કહે છે?

પ્ર.૧૨ દેશ રળિયામણો અને રમ્ય કોને કારણે લાગે છે? 5

અથવા

પ્રકૃતિમાં કવિને ઈશ્વર ક્યાં ક્યાં વિલસતો દેખાય છે?

---

પ્ર.૧૩ નીચે આપેલ ગદ્યાંશને વાંચી ઉત્તર આપો - (૨+૪+૪=10)

શહેરો જાડા માણસની ફાંદ જેવા થતાં જાય છે. એક બેનામ ઝરણાંમાં પગ બોળીને કે આપણું અસ્તિત્વ ઝબોળીને કલાકો સુધી ખોવાઈ જવાનું સુખમાત્ર લખવાનો વિષય બનીને દૂર-દૂર કોઈ જંગલમાં ચાલી ગયું છે. નદીનું પાણી પોતાનું પાણી પણું ગુમાવતું જાય છે. દક્ષિણ કોરિયામાં તો વૃક્ષ કાપનારને જેલમાં મોકલવામાં આવે છે. અને બધા લોકો વૃક્ષારોપણ કરે તે માટે એક ખાસ દિવસ રજા રાખવામાં આવે છે.

(અ) ગદ્યાંશ માટે ઉચિત શીર્ષક આપો.

(બ) બધા લોકો વૃક્ષારોપણ કરે તે માટે કયો ઉપાય કરવામાં આવ્યો છે?

(સ) શહેરો કેના જેવાં થતાં જાય છે?

---

પ્ર૦૪ નીચે આપેલ વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો - 10

1 - જીવનમાં અનુશાસનનું મહત્વ
૨ - યોગનું મહત્વ
૩ - દહેજ પ્રથા એક શ્રાપ
૪ - ધાર્મિક તહેવાર
5. રાષ્ટ્રીય તહેવાર